વાચક મેઘરાજકૃત નલ-દવદંતી ચરિત

રમણલાલ ચી૦ શાહ

વિક્રમના સત્તરમા શતકમાં નલદવદંતી વિશે રચાયેલી રાસકૃતિઓમાં વાચક મેઘરાજે સં૦ ૧૬૬૪માં રચેલી રાસકૃતિ 'નલદવદંતીચરિત્ર'નો પણ સમાવેશ થાય છે.* રાસને અંતે કવિએ શ્રવણ ઋષિનો પોતાના ગુરુ તરીકે ઉલ્લેખ કર્યો છે. કવિએ પોતાના ગચ્છનો સ્પષ્ટ ઉલ્લેખ આ કૃતિમાં ક્યાંય કર્યો નથી, પરંતુ તેઓ પાર્શ્વચન્દ્રસૂરિથી પોતાની ગુરુપરંપરા ગણાવે છે એ પરથી અનુમાન થાય છે કે તેઓ પાર્શ્વચન્દ્ર ગચ્છના હશે. રાસની અંતિમ પંક્તિઓમાં કવિ જણાવે છે :

પાર્શ્વચન્દ્ર સૂરિસર રાજીઆજી, મહિમા જાસ અપાર;
ઉપદેશે જેણે ભવિ તારિયાજી, જિનશાસન શિણગાર.
શ્રી સમરચન્દ્ર તિણ પાટે શોભતાજી, તેણે પાટે સૂરિંદ;
રાયચન્દ્ર સૂરિસર દીપતા, ગિરુઆ મેરુ–ગિરિંદ.
સરવણ ઋષિ જગેં પ્રગટિયો મહામુનિજી, કીધું ઉત્તમ કાજ;
તે સહી ગુરુના ચરણ નમી કહેજી, વાચક શ્રી મેઘરાજ.
સંવત સોળ ચઉસઠ સંવચ્છરે, થવીઓ નળ ઋષિરાજ;
ભણજો–ગણજો ધર્મ વિશેષજોજી, સારતા વંછિત કાજ.

---

* 'આનંદકાવ્યમહોદધિ'ના ઈ૦ સ૦ ૧૯૧૪માં પ્રગટ થયેલા ત્રીજા ભાગમાં વાચક મેઘરાજનો આ રાસ છાપવામાં આવ્યો છે. (પૃ૦ ૩૧૦થી ૩૭૩). આ રાસ છાપવામાં તે સમયે અમદાવાદના ડહેલાના ઉપાશ્રયની પ્રતનો અને અમદાવાદમાં શામળાપોળમાં આવેલી શ્રી હઠીસિંઘ જૈન સરસ્વતી સભાની બે પ્રતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. 'આનંદકાવ્યમહોદધિ'ના મુદ્રિત પાઠને આધારે અહીં અવતરણો આપવામાં આવ્યાં છે.
રા૦ મનસુખલાલ કિરતચંદ મહેતાએ 'જૈન રાસમાળા'માં પ્રસ્તુત રાસ વિશે ઉલ્લેખ કર્યો છે કે, "નળદમયંતી. વિ૦ સં૦ ૧૫૨૦. લેખક મેઘરાજ." પરંતુ ત્યાં સં૦ ૧૫૨૦ લખવામાં સરતચૂક થયેલી જણાય છે કારણકે મેઘરાજે પોતાના રાસમાં સં૦ ૧૬૬૪નો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રાસ છ ખંડની બધી મળીને લગભગ સાડા છસો કડીમાં લખાયેલો છે. રાસની શરૂઆત કવિએ શ્રી શાંતિનાથ તીર્થંકરને પ્રણામ કરીને કરી છે. આરંભની બારેક પંક્તિમાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રશસ્તિ છે. એમાં પણ બીજી કડીમાં તો શ્રી શાંતિનાથ ભગવાનના જીવનની મહત્ત્વની ઘટનાઓની તિથિઓ આપવામાં આવી છે. આથી રાસની શરૂઆતમાં જ કવિતાની નહિ, પણ શુષ્ક હકીકતોની છાપ આપણા મન ઉપર પડે છે. આ પ્રશસ્તિ કવિએ વિગતે ગાઈ હોવાથી રાસ વાંચવાની શરૂઆતમાં જ મનમાં પ્રશ્ન થશે કે કવિ નલદવદંતીનું ચરિત્ર કહેવા માગે છે કે શ્રી શાંતિનાથ ભગવાનનું ? પ્રથમ પડેલી આ છાપ, પરંતુ કવિ આપણા મન પરથી તરત જ ભૂંસી નાખે છે. આગળ વાંચતાં, જે રીતે કવિએ એક પછી એક ખંડની રચના કરી છે તે જોતાં લાગે છે કે કવિ માત્ર કથાકાર જ નથી; એમની પાસે અસાધારણ કવિત્વશક્તિ પણ છે. કવિ ઋષિવર્ધનની જેમ વાચક મેઘરાજે પણ ‘ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર’ની નલકથાને અનુસરીને નળદવદંતીના પૂર્વજન્મની કથાથી રાસની શરૂઆત કરી છે. રાસના પહેલા ખંડમાં નળદવદંતીના પૂર્વભવની ઘટનાઓનું તથા નળદવદંતીના જન્મ અને ઉછેર, દવદંતીનો સ્વયંવર અને તેમાં નળને વરવું ઇત્યાદિ પ્રસંગોનું કવિએ નિરૂપણ કર્યું છે. કવિ દરેક ખંડને અંતે ચોપાઈની બે પંક્તિમાં તે તે ખંડની મુખ્ય ઘટનાઓનો નિર્દેશ કરે છે. એ પ્રમાણે પહેલા ખંડને અંતે કવિએ લખ્યું છે :

> પૂરવ પાંચ ભવાંતર ચરી, નળરાજે દવદંતી વરી.
> મુનિ મેઘરાજ તણી એ વાણી, એટલે પહેલો ખંડ વખાણી.

નળ અને દવદંતી પૂર્વના એક ભવમાં મમ્મણ રાજા અને વીરમતી રાણી હતાં. મમ્મણ અને વીરમતી શિકાર કરવા જતાં હતાં ત્યાં માર્ગમાં એક મુનિને જોતાં પોતાને અપશુકન થયા છે એમ માની તેઓએ મુનિને બાર ઘડી સુધી કષ્ટ આપ્યું તેનું વર્ણન કરતાં કવિ લખે છે :

> મારગે મુનિવર જો મિલે, વાંદીજે કર જોડિ;
> ધર્મલાભ વળતો દિયે, સીઝે કારજ કોડિ.
>
> તિણે રાયે મૂરખપણે, અશુકન ચિત્ત વિચાર;
> સાથ વિછોહી સંતાપિયો, મુનિવર ઘટિકા બાર.

પરંતુ પછીથી એ મુનિને જોતાં તેમને પશ્ચાત્તાપ થાય છે, તેમના હૃદયનું પરિવર્તન થાય છે અને તેઓ મુનિને પોતાના ઘેર તેડી જઈ તેમનો ઉપદેશ ગ્રહણ કરે છે. આ પ્રસંગનું કવિએ કરેલું પ્રાસાનુપ્રાસયુક્ત વર્ણન જુઓ :

> સૌમ્યવદન ઋષિ નિરખિયો, હિયડે નરવર હરખિયો,
> પરખિયો સાચો મુનિવર એ સહી એ.
>
> પૂછે નૃપ ઋષિ ભાખોને, આવ્યા કિહાંથી દાખોને,
> આખોને જાસો ઈહાંથી કિહાં વહી એ ?
>
> અનિયત વાસિ ઋષિ વદે, જાઉં યાત્રા અષ્ટાપદે,
> ઉનમદે સાથ વિછોહો તેં કર્યો એ.
>
> ધર્મ કાજે બહુ અંતરાય, સાંભળ હો મોટા રાય,
> ઉપાય ધર્મ તણો મેં અણુસર્યો એ.
>
> રાયરાણી બે પ્રતિબુદ્ધ, પાય લાગે થઈ શુદ્ધ,
> વિશુદ્ધ મનશું ઘેર તેડી ગયાં એ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અશનાદિક મુનિને દિયે, ધર્મવચન મુનિથી લિયે,
શુદ્ધ હીએ શ્રાવક શુદ્ધ બિહું થયાં એ.

નળના જન્મદિવસ વિશે નિશ્ચિતપણે કોઈ કવિએ ઉલ્લેખ કર્યો નથી. પરંતુ કવિ મેઘરાજે લખ્યું છે કે નળનો જન્મ બારસને દિવસે થયો હતો. અલબત્ત, કયા માસમાં અને કયા પક્ષમાં જન્મ થયો હતો તે કવિએ બતાવ્યું નથી. જન્મસમયનું વર્ણન કરતાં કવિ લખે છે :

શુભ મહૂરતે સુત જનમિયો વાગ્યાં ઢોલ નિસાણ;
ઘર ઘર ઉચ્છવ હુએ ઘણા, દિયે યાચક દાણ.
અનોપમ નંદન અવતર્યો એ, કીજે રંગ રસાલ;
દેશ અમાર વરતાવિયો, છૂટે બંધિ અનેક,
મહોત વધારે રાજિયો, ખરચે દ્રવ્ય અનેક.
બારસમે દિને આવિયો, મિળી સાવ પરિવાર,
સાર શૃંગાર પહિરાવિયાં, ભોજન વિવિધ પ્રકાર.

સ્વયંવર મંડપનું અને સજ્જ થઈને તેમાં આવેલી દવદંતીનું વર્ણન મેઘરાજે પોતાના પુરોગામી કવિઓ ઋષિવર્ધન કે મહીરાજ જેટલું સુંદર કર્યું નથી. સ્વયંવર વખતે દવદંતીની ઉંમર આ કવિએ દસ વર્ષની બતાવી છે. અને તેટલી વયે એને લક્ષ્મીના અવતાર જેવી ગણાવી છે તેમાં થોડી અત્યુક્તિ જણાય છે. અન્ય કોઈ કવિએ દવદંતીની એટલી નાની ઉંમર બતાવી નથી. કવિ લખે છે :

સકળ કળા ગુણી મણિ ભરી, વિદ્યા વિનય વિચાર;
અનુક્રમે વર્ષ દશની થઈ, લાછિ તણો અવતાર.
તવ રાજા મન ચિંતવે, એ પુત્રી મુજ સાર,
રૂપ અનોપમ વય ચડી, કુણ કીજે ભરતાર?

સ્વયંવરમાં દવદંતી નળને વરી એથી ઇર્ષ્યા કરનાર અને યુદ્ધ માટે તૈયાર થનાર કૃષ્ણરાજ નામના રાજવીને નળે યુદ્ધમાં હરાવવો, દવદંતીને પરણીને નળનું પોતાના નગરમાં પાછા ફરવું, પોતાની આજ્ઞા ન માનનાર કદંબ રાજાને નળે હરાવવો, અને પોતાના ભાઈ કૂબર સાથે દ્યૂતમાં પોતાનું રાજ્ય હારી દવદંતી સાથે વનમાં જવા માટે નળનું નીકળવું—આટલી ઘટનાઓનું આલેખન રાસના બીજા ખંડમાં કવિએ કર્યું છે. એ ખંડને અંતે કવિ લખે છે :

ઘર આવ્યો પરણી નળરાજ, જૂવટે રમીને હાર્યું રાજ;
મુનિ મેઘરાજ તણી એ વાણી, એટલે બીજો ખંડ વખાણિ.

કૃષ્ણરાજ સાથેના યુદ્ધનો પ્રસંગ વર્ણવ્યા પછી, પુરોગામી કવિ ઋષિવર્ધને નલદવદંતીના વિવાહનો પ્રસંગ એક આખી ઢાલમાં વર્ણવ્યો છે, ત્યારે મેઘરાજે એનો ઉલ્લેખ માત્ર બે જ પંક્તિમાં કરી, એ પ્રસંગ પતાવી દીધો છે :

નળદવદંતી પરણિયાં, મંગળ ધવળ સુગાન;
સાજન સવિ સંતોષિયાં, દીધાં બહુલાં દાન.

એવી જ રીતે, સ્વયંવરમાંથી પાછા ફરતાં નળદવદંતીને માર્ગમાં ભમરાથી વીંટળાયેલા, કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા મુનિ મળે છે એ પ્રસંગ પણ મેઘરાજે ફક્ત બે પંક્તિમાં જ વર્ણવ્યો છે :

ગજમદગંધે ભમરે વીંટ્યો, કાઉસગિં છે મુનિ એક;
નિષધ નરેસર સવિ પરિવારે, વાંદે ધરી વિવેક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી જ રીતે કદંબ રાજા સાથેના યુદ્ધનો પ્રસંગ પણ કવિએ થોડી પંક્તિઓમાં માત્ર વિગતનિર્દેશ કરીને જ રજૂ કર્યો છે :

કટક સજાઈ લેઈ ચઢ્યો, માંડે ઝૂઝ અલંબ;
નળ જીત્યો પુણ્યે કરી, ભાગો રાય કદંબો રે
ખરું વિમાસી તિણ નૃપે, લીધો સંયમ ભાર,
તસુ પાયે લાગે નળ તિહાં, સહુ કહે જયજયકારો રે.

નળ પોતાના ભાઈ કૂબર સાથે જુગાર રમે છે તે કર્મને વશ થઈને એમ બતાવતાં કવિ કહે છે :

ચંદન કડૂઓ ચન્દ્રને, લંછણ જલનિધિ ખાર;
તિમ નળને જુવટાતણો અવગુણ એક અપાર.
દોષ મ દેજો જાતિને, માતપિતા નવિ દોષ
દોષ જ દેજો કર્મને, ફોક મ કરજો શોષ
મત જાણો ઉત્તમતણો, એહથી વંક ન હોય.
ચંદનથી ઊઠે અગનિ, વન બાળંતી જોય.
સમુદ્રપિતા ભાઈ ચન્દ્રમા, બહિની લાછિ સરીખ;
શંખ સરીખો ફૂટડો, ઘર ઘર માંગે ભીખ.

નળ જ્યારે જુગાર રમે છે ત્યારે દવદંતી એને એમ ન કરવા માટે સમજાવે છે. એ પ્રસંગે કવિએ દવદંતી પાસે માત્ર જુગાર જ નહિ, સાતે વ્યસન ન સેવવા વિશે નળને ઉપદેશ અપાવ્યો છે. એ માટે કવિએ આ બીજા ખંડની આખી એક ઢાળ લખી છે.

નળ જુગારમાં હારે છે અને વનમાં જતી વખતે પાંચસો હાથ ઊંચો સ્તંભ ઉખેળીને ઉપાડે છે, જેથી એને ખાતરી થાય છે કે ભવિષ્યમાં પોતે પાછો રાજ્યનો ધણી થશે. મહાન પુરુષોના જીવનમાં આવતી આવી ચડતીપડતી વિશે આ પ્રસંગે કવિ કેવી સદૃષ્ટાન્ત સુભાષિતાત્મક પંક્તિઓ પ્રયોજે છે તે જુઓ :

લોક કહે છે વાણી ઘણી, નળ હોસ્યે કોશળનો ધણી,
મોટા માણસ આપદ જોય, સંપદ પુણ મોટાને હોય.
ચંદ્ર વધે ને ચંદ્ર જ ઘટે, તારા શું વાધે શું ઘટે?
નળ હુંતે લોક સહુ સુખી, પણ કોઈને નવ કીધા દુઃખી.
નળ થાજો પુહવીનો ધણી, વહેલો આવો કોશળ ભણી.
ઈશાં લોક વચન ઊચરે, સાંભળી નળ મનમાંહે ઠરે,
રાજ કમાયું તેહ પ્રમાણ, સહુ યે જેહનાં કરે વખાણ.
જળપૂરે નદી કરે સુસુઆડિ, ઝાડ ઉપાડે નહીં કહીં પાડિ;
વર્ષા ગઈ ઊડે તિહાં ધૂળ, પાપ કર્યું રહ્યું તે મૂળ.
વેળા વહેતે ડાહ્યો થાય, સઘળા દિન સરખા નવિ જાય.
અરહટ-ઘટિકા આવે ફરી, એક ગળી બીજી જળ ભરી.

રાસના ત્રીજા ખંડમાં ભીલ લોકો નળનો રથ લઈ જાય છે, નળ દવદંતીનો વનમાં ત્યાગ કરે છે દવદંતીને એ વખતે સ્વપ્ન આવે છે, જાગ્યા પછી નળને ન જોતાં તે રુદન કરે છે, વનમાં આમતેમ ભમે છે, માર્ગમાં એને એક રાક્ષસ મળે છે, ત્યાર પછી દવદંતી ગુફામાં જઈને રહે છે અને વર્ષામાંથી તાપસોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બચાવી લે છે, સિંહકેસરીને કેવળજ્ઞાન થાય છે, દવદંતી ધનદેવ સાર્થવાહના સાર્થ સાથે અચલપુર આવી પહોંચે છે ઇત્યાદિ પ્રસંગો કવિએ વર્ણવ્યા છે. ખંડની અંતિમ પંક્તિઓમાં કવિ જણાવે છે :

નળ ગયો પરદેશે વહી, ભીમી અચળપુરે તે ગઈ;
મુનિ મેઘરાજ તણી એ વાણી, એટલે ત્રીજો ખંડ વખાણિ.

કાબે અર્જુનને લૂંટ્યો હતો તેમ વનમાં ભીલો નળનો રથ ઉપાડી જાય છે. એ પ્રસંગે ઉપદેશ આપતાં કવિ લખે છે :

ઋદ્ધિ તણો શું ગારવો, રખે કરો નર કોય.
આવત જાતાં વાર નહિ, છાંહ ફિરંતી જોય.
કાજ ન આવે પાધરું, મિત્રાઈ વિહડંતી;
જવ પુણ્યાઈ પાતળી, વયરી દાવ પડંત.

વનમાં નળ દવદંતીનો ત્યાગ કરે છે, પરંતુ દવદંતી પ્રત્યેનો એનો પ્રેમ જરાયે ઓછો થયો નથી. ત્યાગ કરતી વખતની નળની મનોદશા જુઓ :

શીલ સતીને રાખશે, એહને વિઘન ન હોય;
શીલ સનાહ તજે નહુ, ગંજે તાસ ન કોય.
એમ વિમાસી રુધિરથી, લખિયા અક્ષર વીર;
અસિયેં કાપી ઓઢણું, લેઈ અધિલો નરવીર.
મન પોતાનું મેહલિયું, દવદંતીને પાસ;
નળ પરદેશે નીસર્યો, મૂકી બહુ નિસાસ.
આઘો જઈ પાછો વળે, છૂપી રહ્યો તરુ પાસ;
જાણ્યું જો જાગે પ્રિયા, તો હું જાઉં નાસિ.

દવદંતીના વસ્ત્ર ઉપર નળે જે શબ્દો લખ્યા તે પણ નળના દવદંતી પ્રત્યેના અપ્રતિમ પ્રેમની પ્રતીતિ કરાવે છે :

વડ હેઠળ જે વાટડી, તે કુંડિનપુર જાય;
ડાવી વાટે કોશલા, જિહાં તુજ ચિત્ત સુહાય.
તિહાં તું જાજે કામિની, રહેજે મન ઉલ્લાસ;
મન માહરું સેવક સમું, મેહલું છું તુમ પાસ.
વાહલાં કિમે ન વીસરે, વસતાં ઉવસે રાન;
સાસ સમાં નિત સાંભરે, ખટકે સાલ સમાન.
તું મત જાણે નેહ ગયો, દૂર વસંતે વાસ;
બેહુ નયણાં અંતર પડ્યું, જીવ તું મારે પાસ.

વનમાં એકલી પડેલી દવદંતી પોતાના દુઃખભર્યા દિવસો હવે કયાં અને કેવી રીતે પસાર કરવા તે વિશે ગંભીર વિચાર કરે છે અને અંતે નિશ્ચય કરે છે કે પોતાનું જીવન શીલ અને સંયમમાં પસાર કરવું અને એ માટે પોતાને પિયર જવું :

ચિત્ત ચિંતે દવદંતી સતી, હિવ થાશે શી માહરી ગતિ;
એકલડી એ વનહ મઝાર રહેતાં પામીજે સહી હાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકલડી વનમાં ગોરડી, સબળ ફળી બીજી બીજોરડી;
વાડ નહીં ને નહિ કો નાથ, વાટે કોણ ન વાહે હાથ.
નવયૌવન નહીં કહેની વાડ, શીળેં તો નહીં કુણ પાડ.
જિમ તિમ કરી આપું રાખવું, બીજું સહુ દૂરે નાખવું.
શીળે સઘળાં સંકટ ટળે, શીળેં મનવાંછિત સવિ ફળે;
શીળે સુર નર કરે વખાણ, ગણવું જીવ્યું તાસ પ્રમાણ.

× × ×

મણિ માણિક પણ સોને તોય, કનકતણો જે આશ્રય જોય;
વલ્લી નિતા પંડિત જાણ, આસિરે કરી શોભે નિરવાણ
નારીને એહ જ બળ જોય, કે સાસરું કે પીહર હોય;
તો પીહર જાઉં દુઃખ કટે, કોશલા ભણી જાવું નવિ ઘટે.
સાસુ સસરા દેવર જેઠ, કંત હોય તો માને નેટ;
પતિ વિણ હોએ બહુ અંતરું, એ સઘળું જોડ્યું નાતરું,
હાલ હુકમ તોહ જ સ્ત્રી કરે, પિઉડો જો બેઠો હોય ઘરે;
કંત વિના કેહવી કામિની, ચંદા વિના જેહવી યામિની.
સ્ત્રી પીહર ને નર સાસરે, સંયમીઆ વસવું થિર કરે;
જો રહેતાં આમણ દૂમણાં, છેહડે જાતાં અળખામણાં.
તો પણ પીહરે માને કાર, નારીને પીહર આધાર;
કાંઈ અવગુણ હોએ નેટ, તોહે ઢાંકે તે મા–પેટ.

ત્યાર પછી સિંહકેસરીને કેવળજ્ઞાન પ્રાપ્ત થવાનો પ્રસંગ કવિએ વર્ણવ્યો છે. કૂડકપટથી ભરેલો કૂબરનો પુત્ર સિંહકેસરી કેવળજ્ઞાન પામે છે એમાં પિતાપુત્ર વચ્ચે કેટલું બધું અંતર જણાય છે? પરંતુ સંસારમાં કર્મની ગતિને કારણે આમ બને છે. કૂબર અને સિંહકેસરી વિશેની આવી વિચારણા આ કવિ સિવાય બીજા કોઈ કવિએ કરેલી જોવા મળતી નથી. કવિ લખે છે :

કૂબર તો કૂડે ભર્યો રે, પુત્ર થયો ઋષિરાજ;
પિતાપુત્ર કહો સ્યું ઠરે રે, સરજ્યું કરમે કાજ.
અહી મસ્તકે જયું મણિ, સોવન રેત વિકાર;
પંક થકી પંકજ હોયે, સ્યું જાતે અધિકાર.
શ્રેણિક પહેલી ભોગવે, કોણિક છઠ્ઠી હોય;
અભય મેઘકુમાર ઋષિ, અનુત્તરે સુર હોય.

દવદંતી ઋતુપર્ણ રાજાને ત્યાં આવે છે, દાનશાળામાં દાન આપે છે, પિંગળ ચોરને બચાવી, ઉપદેશ આપી સંયમ લેવડાવે છે, હરિમિત્ર બ્રહ્મણ દવદંતીની ભાળ કાઢી એને કુંડિનપુર લઈ જાય છે, દવદંતીનાં માતાપિતા એને આશ્વાસન આપે છે, નળ અગ્નિમાં બળતા સાપને બચાવવા જાય છે ત્યાં સાપ એને કરડે છે; એ નળના પિતા નિષધ-દેવ છે અને તે નળને દિવ્ય વસ્ત્રાવરણ આપે છે, નળ સુસમારપુર આવે છે અને ત્યાં ગાંડા હાથીને વશ કરી દધિપર્ણ રાજાની કૃપા મેળવે છે—આ બધા પ્રસંગો કવિએ ચોથા ખંડમાં આલેખ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન પરંપરાની નલ-કથા પ્રમાણે દવદંતી અચલપુરની પાદરે એક વાવને કાંઠે બેઠી હતી એવું વર્ણન છે. પણ કવિ મેઘરાજે દવદંતી સરોવરની પાળે બેઠી હતી એવું વર્ણન કર્યું છે. જૈન પરંપરાની નલકથા પ્રમાણે ઋતુપર્ણ રાજાને ત્યાં દવદંતી પહોંચી ત્યારે દાનશાળા ચાલતી જ હતી. પરંતુ કવિ મેઘરાજે વર્ણન કર્યા પ્રમાણે ઋતુપર્ણ રાજા મોટી દાનશાળા ચાલુ કરવાનું દવદંતીને કહે છે. આ વર્ણન પ્રમાણે પણ, ત્યાં દવદંતીને કોઈ ઓળખી શકતું નથી અને કવિએ પણ એ જ પ્રમાણે બતાવ્યું છે, છતાં ઋતુપર્ણ રાજા દવદંતીને 'ભીમી' કે 'દવદંતી' એવું સંબોધન કરીને વાત કરે છે એવું કવિથી બતાવાઈ ગયું છે, જેથી ત્યાં ગંભીર ક્ષતિ જણાય છે :

અન્યદા તે રાજા ઋતુપન્ન,
　　બોલ્યો નરપતિ અતિ સુવચંન.
પુત્રી **ભીમી** સાંભળ વાત,
　　વચન એક બોલું છું સાચ.
લખમી માહરે ઘરે છે ઘણી,
　　આરતિ ચિંતા સવે અવગુણી.
માંડો મોટી એક દાનશાળા,
　　દીજે પુત્રી દાન રસાળાં.

× × ×

એહ વચન સાંભળ **દવદંતી,**
　　દાન દિયો અતિ મનની ખંતિ.
નગર તણે બાહર એક કરી,
　　દાનશાળા માંડી ધન ભરી.

બીજા ગૌણ પ્રસંગોને ટૂંકાવનાર આ કવિએ પિંગળ ચોરનો પ્રસંગ વિસ્તારથી આલેખ્યો છે, અને સુસંગતિ અને દુસંગતિ તથા સુગતિ અને દુર્ગતિ વિશે સદષ્ટાન્ત ઉપદેશ દવદંતી પાસે પિંગળ ચોરને અપાવ્યો છે. દુસંગતિ અને સુસંગતિ વિશેની કવિની સોદાહરણ માર્મિક પંક્તિઓ જુઓ :

કુસંગતિના સુણો અવદાત્ત, ઉત્તમને કોઈ પૂછે વાત;
લીંબ સમીપે ઊગ્યો અંબ, ફળ કડવાં થાયે અવિલંબ.
ઉદધિ બંધાણો રાવણ સંગે, પોપટ વંઠયો ભીલ પ્રસંગે;
ઘટિકા ચોરે પાણી જાત, રીજે ઝાલર દિનરાત.
મીઠો દાસી ખેં ખેં કરે, તિમ તિમ વાનર ચિત્તે ડરે;
કિંબહુના દીસે પર-લોય, કહિયેં કુસંગતિ ભલી ન હોય.
કહિયેં કુસંગતિ રૂડિ નહિ, ગાયે લક્કડ ઘંટા વહી;
માકણ સંગે જુ નિરવંશ, કાગ પ્રસંગે મરાણો હંસ.
ઇત્યાદિક દષ્ટાંત અનેક, કુસંગતિ વારો ધરિ વિવેક;
સાધુ સંગતિ કરો નિરમળી, જેહથી પહુચે મનની રૂળી.

સુસંગતિ વિશે દવદંતી કહે છે :

મેરુ ઉપર જ ઊગ્યાં તૃણાં, ઉપમા પામે કંચન તણાં;
મલયાચળની સંગતિ જોય, વૃક્ષ ઘણાં ચંદનમય હોય.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

ઉત્તમ સંગતિ કરવા જાય, નીચ થકો પણ તે પૂજાય;
ગંગા કર્દમ આદર વડે, ગોપીચંદન મસ્તકે ચડે.
ચાર હત્યા જેણે નર કીધ, સ્ત્રીમસ્તક છેદી કર લીધ;
એહવા પણ પુહતા સદગતિ, જાણો સાધુ તણી સંગતિ.
કાઠીવાહ મુનીસર તિમે, ચોથું વ્રત પાળે પૂનમે;
તેહથી મનવંછિત તસ થાય, રાજ તણો પામ્યો સુપસાય.
ઉત્તમ સરસી સંગતિ કરે, પંડિત ગોષ્ઠિ હિયડે ધરે;
નિરલોભીશું મૈત્રિ યદા, તે નર નહું સીદાએ કદા.

દવદંતી પોતાના પિતાને ત્યાં જાય છે, એનાં દુઃખની વાત સાંભાળીને માતાપિતાને ઘણું દુઃખ થાય છે. પરંતુ તેઓ સીતા, અંજના, ઋષિદત્તા વગેરેનાં દૃષ્ટાન્ત આપી દવદંતીને આશ્વાસન આપે છે, અને આ બધું કર્મને કારણે છે એમ સમજાવે છે.

આ ખંડની ચોથી ઢાલથી કવિ દવદંતીનો ત્યાગ કરીને ગયેલા નળના પ્રસંગો વર્ણવે છે. નળે અગ્નિમાંથી સાપ બચાવ્યો એ પ્રસંગનું વર્ણન કવિએ ઋષિવર્ધનને અનુસરીને કર્યું હોય એમ લાગે છે. સુસમારપુર નગરમાં નળ ગાંડા હાથીને વશ કરે છે તે પ્રસંગે કવિ લખે છે :

તતક્ષણ ગજ શિખ્યા કરી, ચડી જઈ ગજકુંભ;
અંકુશ શિરે પ્રહારીને, લેઈ બાંધ્યો ગજથંભ.

નળ દધિપર્ણ રાજાને ત્યાં રહે છે, રાજા એની પાસે સૂર્યપાક રસોઈ કરાવે છે, દવદંતીની વિનતિથી ભીમ રાજા નળની ભાળ કઢાવે છે અને પછી બનાવટી સ્વયંવરની યોજના કરે છે, દધિપર્ણ રાજા હુંડિક (નળ) સાથે કુંડિનપુર આવે છે ઇત્યાદિ ઘટનાઓનું નિરૂપણ કવિએ પાંચમાં ખંડમાં કર્યું છે. ખંડને અંતે કવિ કહે છે :

હુંડક આવ્યો કુંડનપરે, દાધપન સાથે પુહતો ધરે;
મુનિ મેઘરાજ એણી પરિ કહે, પંચમ ખંડ સમાપ્તિ લહે.

દધિપર્ણ રાજાને ત્યાં નળ કૂબડા તરીકે આવે છે. તે દવદંતી સાથે વનમાં નીકળેલા નળનું અવસાન થયું છે એવી કલ્પિત વાત દધિપર્ણને કહે છે.

નૃપ રાજ ગમાયું તે નળ રાયેં, નીકળ્યો ત્યજી આવાસો રે,
દવદંતીને સાથે લેઈ, એકલડો વનવાસો રે.
લીલા લહરી પુર પ્રતાપી, ઇન્દ્ર સમો નળ હુઓ રે,
દુઃખ દીઠું તિણે એકે વારે, તેણે કારણે વન મૂઓ રે.
કોમળ પ્રાણી ટાઢે તડકે, થોડે ઘણું કમલાય રે,
જિમ હિમ પડતે માસ શિયાળે, કમલિની કરમાય રે.

× × ×

કૂબડ વયણે નળના જાણ્યા, મરણ તણા સમાચારો રે,
દુઃખ ધરે તે દધિપર્ણ રાજા, કરતો હાહાકારો રે.
પ્રેતકાજ કરે સવિ નળનાં, મન વૈરાગે રહિયે રે,
પ્રેમી અથવા વેરી હોજો, ગુણવંતના ગુણ ગ્રહિયે રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દવદંતીના સ્વયંવરના સમાચાર સાંભળી દધિપર્ણ રાજા મૂંઝાય છે ત્યારે એને પોતાનું દુ:ખ જણાવવા કૂબડો કહે છે :

કાં નરવર તુમે ઈમિ કરો, કેહું છે તુમ દુ:ખ;
રાય કહે તુજને કહ્યાં, શું ઉપજસ્યે સુખ.
મન-દુ:ખ, સ્ત્રી વ્યભિચારિણી, ધનવંચ્યો, અપમાન;
વંચાણું સહુ આગળે, જે દુ:ખ ફેડણહાર.
જે તે આગળ ભાખતાં, લઘુતા લહે અપાર.

દધિપર્ણ રાજા હુંડિક પાસેથી વિદ્યા લે છે તે પ્રસંગે કવિ બોધનાં વચનો કહે છે :

વિનય કરી વિદ્યા ગ્રહે કે ધન તણે પસાય,
વિદ્યાર્થી વિદ્યા લિયે, ચોથો નથી ઉપાય.
નીચ થકી વિદ્યા ભણી, લેતાં મ કરે લાજ;
કર્દમથી મણિ સંગ્રહી, ડાહ્યો સાધે કાજ.
ભણવે ગાવે નાચવે, સાસરઘર, રણ કાજ,
આહાર વ્યવહારે નવિ હુયે, આઠે ઠામે લાજ.

દવદંતીને સ્વપ્નું આવે છે અને તેમાં પોતે એક આંબાના વૃક્ષ ઉપર ચડે છે. આ સ્વપ્નની વાત દવદંતી પોતાના પિતાને કહે છે અને જૈન પરંપરાની નળકથામાં, અને એને અનુસરીને લખાયેલી કૃતિઓમાં ભીમ રાજા દવદંતીને માત્ર એટલું જ જણાવે છે કે એ સ્વપ્ન તેના ઉદયનું સૂચક છે. પરંતુ કવિ મેઘરાજે સ્વપ્ન વિશે થોડો વધુ ખુલાસો કર્યો છે, જે બતાવે છે કે કવિ પરપરાની નલકથાને ચુસ્તપણે વળગી ન રહેતાં પ્રસંગોપાત્ત પોતાની કલ્પના પ્રમાણે તેની વિગતોમાં સુધારાવધારા કરે છે. આ પ્રસંગે કવિ લખે છે :

ગો, વૃક્ષ, કુંજર તરુ ચઢ્યો, ગૃહ વર પરવત શૃંગ:
દેખી જાગે માનવી, લહે લખમી મનરંગ.
ઇણ કારણ પુત્રી સુણો, દેવી તે પુણ્ય રાસિ,
રાજ—લાભ આરામ તે, પામિશ તું ઉલ્લાસ.

છઠ્ઠા ખંડમાં કૂબડા હુંડિકની કસોટી થવી અને એ જ નળ છે એની દવદંતીને પ્રતીતિ થવી, નળે મૂળ સ્વરૂપ ધારણ કરવું, ભીમ રાજાને ત્યાં કેટલોક સમય રહી નળે કૂબરને યુદ્ધમાં હરાવી એની પાસેથી રાજ્ય પાછું મેળવી લેવું, નિષધ દેવતાના ઉપદેશથી નળે ધર્મઘોષસૂરિ પાસે દીક્ષા લેવી, સંયમ ન પાળતાં અનશનવ્રત લઈ દેહનો અંત આણવો, દેવલોકમાં ધનદ તરીકે જન્મવું, દવદંતીનું પણ દીક્ષા લઈ, અનશન કરી, મૃત્યુ પામી દેવલોકમાં ધનદની પત્ની તરીકે જન્મવું, ત્યાંથી દવદંતીએ કનકવતી તરીકે જન્મવું, કનકવતીના સ્વયંવરમાં ધનદ અને વસુદેવનું આવવું અને કનકવતીએ વસુદેવને સ્વયંવરમાં વરવો અને અંતે કનકવતીએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું—આટલા પ્રસંગોનું કવિએ નિરૂપણ કર્યું છે. ખંડને અંતે કવિ લખે છે :

નળ પ્રગટ્યો ભાવઠ ઉદ્ધરી, પામ્યો રાજ પૂર્વભવ ચરી;
મુનિ મેઘરાજ તણી એ વાણી, એટલે છઠ્ઠો ખંડ વખાણી.

આ ખંડમાં કવિ વાચક મેઘરાજે એવું વર્ણન કર્યું છે કે નળે કૂબડની સાથે યુદ્ધ કરીને પોતાનું રાજ્ય પાછું મેળવી લીધું. જૈન પરંપરાની નળકથામાં વાચક મેઘરાજે કરેલો આ ફેરફાર ફક્ત જૈન પરંપરાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કથામાં જ નહિ, મહાભારતની પરંપરાની કથામાં પણ કોઈ કવિએ કર્યો નથી. મહાભારતની અને જૈન પરંપરાની નળકથામાં નળ જ્યારે અક્ષવિદ્યા મેળવી પાછો ફરે છે ત્યારે તે પોતાના ભાઈ પાસેથી પોતાનું રાજ્ય જુગાર રમીને પાછું જીતી લે છે. આમ નળને પોતાના ભાઈ સાથે બીજી વાર જુગાર રમતો બતાવાયો છે. પરંતુ હવે એની પાસે અક્ષવિદ્યા હોવાથી એ હારવાનો નથી એની ખાતરી છે. એટલે નળ દ્યૂતના વ્યસનથી હાર્યો હોવા છતાં બીજી વાર એ જુગાર રમે છે એમાં ઔચિત્યભંગ કે વિચારદોષ રહેલો હોય એમ લાગતું નથી. પરંતુ વાચક મેઘરાજે નળને બીજી વાર દ્યૂત વડે નહિ, પણ યુદ્ધ વડે જીતતો બતાવ્યો છે. કૂબર સાથેના નળના યુદ્ધનો પ્રસંગ કવિએ આ પ્રમાણે વર્ણાવ્યો છે :

ચતુરંગ સેના પરવર્યો, નળ નૃપ કરે પ્રયાણ;
જોર ઘણું સેના તણું, જિમ સાયર ઉધાણો રે.

અનુક્રમે કોશળ આવીઆ રે, કૂબર સાંભળી વત્ત;
અતિશય ઇર્ષ્યા ઉપની, રાજલોભ સંયુત્ત રે.

કૂબર સાહમો આવીઓ, કટક જોઈને તામ;
રાજ તણો તરસ્યો ઘણો, માંડે સબળ સંગ્રામો રે.

× × ×

યુદ્ધની ભયંકરતાનું વિગતપૂર્ણ ચિત્ર કવિએ કેવું સરસ દોર્યું છે તે જુઓ :

બિહુ દળે સુભટ સવિસાર શૂરે ચઢ્યા,
સબળ સંગ્રામ રણતૂર વાગે;
શબ્દ શ્રવણે પડ્યો સાંભળે કો નહિ,
ઘોષ નિર્ઘોષ બ્રહ્માંડ ગાજે.

નળ નૃપ શૂર રણરંગ રોશે ભર્યો,
સુભટ શૂરિમ ચઢ્યા બિહુ બિરાજે;
જેમ નર સંયમી કરમ સાથે ભિડે,
તેમ નળ શૂર સંગ્રામ છાજે.

રથ રજ સબળ અંધારું ઊઠ્યું ઘણું,
અશ્વ ગજ પૂર પડવા ઉછાયું;
આપણું પારકું ઓળખે કો નહિ,
દિનકર સહિત શું ગગન છાયું,

પાયકેં પાયક, રથપતિયેં રથપતિ,
અશ્વપતિ ઝૂઝ અસવાર સાથે;
ગજપતિયેં ગજપતિ રોસભર ઝૂઝતા,
શસ્ત્ર ખૂટાં પછે બાથોબાથે.

પ્રબળ હથિયાર તન તેજ દેખી કરી,
કાતર કેટલા દૂર નાસે;
સુભટ શૂરા ઘરે હોય વધામણાં,
બંદી બોલે યશ વા ઉલ્હાસે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુભટ સાચા ભડ્યા કેટલા રણ પડ્યા,
કોઈ કાતર વળી કીહ નાઠો;
પુન્ય પ્રસાદ વળી નળનૃપ જીતિયો,
કૂબર બાંધિયો કરીય કાઢો.

ઘોષ નિર્ઘોષ વાજાં ઘણાં વાજતે,
નળનૃપ કોશલા માંહિ આવે;
નગર શૃંગારી ગયણ ધજ લહલહે,
કામિની મોતિયે કરી વધાવે.

નળને આમ યુદ્ધથી જીતતો બતાવવા પાછળ કવિનો આશય કદાચ એને બીજી વાર દ્યૂત રમતો ન બતાવવાનો હોઈ શકે. અલબત, જો આવા આશયથી કવિએ તેમ કર્યું હોય તો નળને અક્ષવિદ્યા મળે છે તેનું કંઈ પ્રયોજન કે ઔચિત્ય રહેતું નથી, કારણકે એનો ઉપયોગ બીજા કોઈ પ્રસંગે બતાવાયો નથી. કવિએ વ્યસનથી મુક્ત રહેવા વિશે જે ઉપદેશ આપ્યો છે તેને સહજ ભાવથી અનુસરીને આ ફેરફાર કર્યો હોય એમ પણ બનવા સંભવ છે. નળના બીજી વારના જુગાર રમવામાં જે સૂક્ષ્મ વિચાર રહેલો છે તે 'જુગાર રમવાથી રાજ્ય ગુમાવ્યું છતાં, અને જુગાર એ મોટું વ્યસન છે છતાં, નળ શા માટે બીજી વાર જુગાર રમવા ગયો ?' આવો પ્રશ્ન કરનાર સામાન્ય જનસમુદાય માટે આ સૂક્ષ્મ વિચાર સહેલાઈથી સમજવો કે ગળે ઉતારવો અઘરો છે. આવા જનસમુદાયને લક્ષમાં રાખીને કવિએ આ ફેરફાર કર્યો હોય એ પણ બનવા સંભવ છે.

નિષધ દેવતાના કહેવાથી નળ વૈરાગ્ય ધારણ કરે છે અને પોતાના નગર પાસેના વનમાં આવેલા સાધુ પાસે ધર્મોપદેશ સાંભળે છે. આ સાધુનું નામ જુદા જુદા કવિઓએ જુદું જુદું આપ્યું છે. મૂળ પરંપરાની કથામાં એમનું નામ 'જિનસેનસૂરિ' છે. સોમપ્રભાચાર્યે 'કુમારપાળ પ્રતિબોધ'માં એમનું નામ 'જિનભદ્રસૂરિ' આપ્યું છે. કવિ સમયસુંદરે પોતાના 'નલ–દવદંતી રાસ'માં 'જિતસેનસૂરિ' આપ્યું છે. વાચક મેઘરાજે એમનું નામ 'ધર્મઘોષસૂરિ' આપ્યું છે. ધર્મઘોષસૂરિ નળને સમજાવે છે કે એને માથે જે દુ:ખ પડ્યાં છે તેનું કારણ પૂર્વભવનાં કર્મો છે.

દીક્ષા લીધા પછી નળનું મન ફરી વિષયવાસના તરફ જાય છે તે સમયે એના પિતા નિષધ દેવતા આવીને એને સમજાવે છે. એ પછી પણ નળ સંયમ પાળી શકતો નથી અને એથી અનશન દ્વારા પોતાના દેહનો અંત આણે છે. નિષધ દેવતા નળને સમજાવવા આવે છે એ પ્રસંગનો ઉલ્લેખ ઋષિવર્ધને નથી કર્યો અને એને અનુસરીને મેઘરાજે પણ નથી કર્યો. મેઘરાજ લખે છે :

અન્યદા નળ ઋષિને મન થયું, વિષયરાગ મનસું ઉમહ્યું;
તવ તિણે મુનિવર ધરી વિવેક, અણસણ પાળી નિર્મળ એક.
અણસણ પાળી નિરતિચાર, પામ્યો સોહમેં સુર અવતાર.
ધનદ નામે ભંડારી થાય, લોકપાલ ઉત્તર દિશિ રાય.

કવિ મેઘરાજનો આ રાસ પુરોગામી કવિ ઋષિવર્ધનના રાસની સાથે બરાબર વિગતે સરખાવી જોતાં લાગે છે કે ઋષિવર્ધનના રાસની અસર મેઘરાજના આ રાસ પર ઘણી પડેલી છે. વસ્તુતઃ આ રાસ લખતી વખતે મેઘરાજે ઋષિવર્ધનનો રાસ પોતાની નજર સમક્ષ રાખ્યો હોય એવી સ્પષ્ટ પ્રતીતિ સ્થળે સ્થળે થાય છે. એ રીતે ઋષિવર્ધન પ્રત્યેનું મેઘરાજનું ઋણ ઘણું છે એમ નિ:સંકોચ કહી શકાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષિવર્ધનની જેમ મેઘરાજે પણ શ્રી શાંતિનાથ પ્રભુની સ્તુતિ સાથે રાસની શરૂઆત કરી છે. દ્યૂત રમવાની નળની ટેવ માટે ઋષિવર્ધન લખે છે :*

ચંદન કડૂઓ ચંદ્રિ કલંક, રયણાયર ખારૂ, જલિ પંક;
ગુણમય નલનઈ જૂઅ રૂહાડિ, રતનિ દોષ દિવિહ કુણ પાડિ.

મેઘરાજ લખે છે :

ચંદન કડૂઓ, ચંદ્રને લંછન, જલનિધિ ખાર;
તિમ નળને જુવટા તણો અવગુણ એક અપાર.

નળના પાત્રનું વર્ણન કરતાં ઋષિવર્ધન લખે છે :

દિન દિન વાધઈ નલકુમાર, શુદ્ધહ પખિ ચંદો;
રૂપ સોભાગિં આગલુ એ, જણુ નયનાનંદો.
કલા બહુત્તરિ ભણઈ, ગુણઈ સવિગ્રંથ વખાણઈ.

મેઘરાજ લખે છે :

શુકલ પખે જિમ ચંદલો વાધે તેમ કુમાર;
કળા બહુત્તર શીખિયો, જાણે ગ્રંથ વિચાર.

નળ દવદંતીનો ત્યાગ કર્યા પછી, આગળ જતાં અગ્નિમાં બળતા સાપને બચાવે છે એ પ્રસંગ પણ મેઘરાજે બરાબર ઋષિવર્ધનને અનુસરીને આલેખ્યો છે. દવદંતીને છોડીને ગયા પછી આઠમે દિવસે આ બનાવ બને છે એમ ઋષિવર્ધને લખ્યું છે. જૈન પરંપરાની મૂળ કથામાં આ બનાવ કેટલે વખતે બન્યો તેનો સ્પષ્ટ નિર્દેશ નથી, પરંતુ એ પ્રસંગે નળ પોતાના પિતાને 'દવદંતીનું શું થયું?' એમ પૂછે છે ત્યારે 'દવદંતી અત્યારે એના પિતાને ઘરે પહોંચી ગઈ છે' એમ અવધિજ્ઞાની નિષધ દેવતા કહે છે. હવે આગળના વૃત્તાંત પ્રમાણે નળ–દવદંતી વનમાં જવા નીકળ્યાં અને નળે દવદંતીનો ત્યાગ કર્યો એ પછી દવદંતી સાત વર્ષ એકલી પર્વત પર ગુફામાં રહી. એ પછી એ પોતાની માસીને ત્યાં ગઈ. માસીને ત્યાં એ કેટલો વખત રહી એનો સ્પષ્ટ નિર્દેશ ક્યાંય થયો નથી એટલે એનો ચોક્કસ અંદાજ કાઢી શકાય નહિ. પરંતુ દવદંતી પોતાના પિતાને ત્યાં પહોંચી ગઈ એવા સમાચાર નિષધ દેવતા નળને આપતા હોય તો એનો અર્થ એ થયો કે દવદંતીના ત્યાગ પછી, સાત વર્ષ કરતાં યે વધારે સમય પસાર થયા પછી, આ પ્રસંગ બન્યો હોવો જોઈએ. એને બદલે ઋષિવર્ધને આ પ્રસંગ દવદંતીના ત્યાગ પછી આઠમે દિવસે બનતો વર્ણવ્યો છે.

નલિ જવ ભીમી પરિહરી, ચાલિઉ મનિ ઝૂરંત,
તવ દવ દેખઈ આઠમંઇ દિનિ વનિ પસરંત.

અને આથી 'દવદંતી પોતાના પિતાને ત્યાં પહોંચી ગઈ છે' એવું વચન ઋષિવર્ધને નિષધ દેવતા પાસે કહેવડાવ્યું નથી. જુઓ :

નલિ પૂછિઉં દવદંતીનું કહું દેવ ચરિત્ત;
સીલ પ્રશંસા તસ તણી, કરતુ સુપવિત્ત.

આમ, ઋષિવર્ધને કરેલા આ ફેરફારને અનુસરીને મેઘરાજે પણ આઠમા દિવસે આ ઘટના બનતી બતાવી છે :

* ઋષિવર્ધનના રાસની પંક્તિઓ હસ્તપ્રતો તથા ડૉ૦ ઍન્ડરના સંપાદનના આધારે ટાંકી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાટે જાતાં રે તવ દિન આઠમે, દવ દીઠો વનમાંહિ;
સાદ કરે છે કો એક તિહાં રહ્યો, રાખો પસારી બાંહિ.

અને આવી જ રીતે, નળના પ્રશ્નના જવાબમાં નિષધ દેવતા કહે છે :

નળ રાયે રાખ્યો તેહ કરંડીઓ, પૂછી ભીમી વાત;
શીળ પ્રશંસા સુર સુવિશેષે, સઘળી કરે રે વિખ્યાત.

આ જ પ્રસંગના નિરૂપણમાં ઋષિવર્ધને બતાવ્યું છે કે સાપ નળના ડાબા હાથે કરડ્યો. જૈન પરંપરાની કથામાં વર્ણવ્યા પ્રમાણે સાપ નળને હાથે કરડે છે, પણ તે કયા હાથે તેનો નિર્દેશ કરવામાં આવ્યો નથી. પરંતુ ઋષિવર્ધને પોતાના રાસમાં ડાબા હાથનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે :

અહિ વલગાડી ઓઢણઇ, જઈ ઉસિરી ઠાંમિ;
મૂંકતા નલરાજા તિસિં, ડસીઉં કરિ વાંમિ.

ઋષિવર્ધનને અનુસરી વાચક મેઘરાજે પણ એમ જ લખ્યું છે :

એહવું ચિંતવિ ઓઢણ નાખીઓ, વળગ્યો અહિ તણે બાથ;
આઘો જઈ ને નળ મૂકે જિસે, ડસીઓ ડાવે હાથ.

કવિ રામચન્દ્રસૂરિના 'નલવિલાસ નાટક'ને અનુસરીને ઋષિવર્ધને પોતાના રાસમાં જે ફેરફાર કર્યો છે તે વાચક મેઘરાજે પણ ચાલુ રાખ્યો છે. નળ દધિપર્ણ રાજાને ત્યાં કદરૂપા હુંડિક તરીકે રહે છે ત્યારે ભીમરાજા તરફથી મોકલવામાં આવેલો દૂત 'કુશલો' પ્રથમ નળની માહિતી મેળવી લાવે છે અને પછી દધિપર્ણ રાજાને ત્યાં જઈ નલ–દવદંતીનું નાટક ભજવી બતાવી હુંડિક એ નળ છે એની વિશેષ ખાતરી લાવે છે. —આ પ્રમાણે એક નવો પ્રસંગ, જે રામચન્દ્રસૂરિએ પોતાના નાટકમાં પ્રયોજ્યો છે તે ઋષિવર્ધને પોતાના રાસમાં લીધો છે અને તેને અનુસરીને વાચક મેઘરાજે પણ તે પ્રસંગ લીધો છે. જૈન પરંપરાની નલકથામાં આવો કોઈ પ્રસંગ નથી. એ પ્રસંગનું મેઘરાજે કરેલું વર્ણન જુઓ.

તવ દધિપર્ણ નૃપ પૂછીને, નળ નાટક મનરંગે રે;
માંડે કુશલો આદર કરી, લેઈ સયલ ઉપાંગ રે.

(દૂહા)

જિમ નળ ઘરથી નીસર્યો, આવ્યો વનહ મઝાર;
એકલડો નાશી ગયો, મૂકી સતી નિરાધાર.
જિમ જિમ વીતક વાંદીએ, તિમ ખૂંહચે સંકેત;
તિમ તિમ જૂરે મન ઘણું, હુંડિક દુઃખ સમેત.
વળી કુશલો બોલે તિહાં, રે નિષ્ઠુર નિર્લજ્જ;
એકલડી પ્રિયા તજી, તે શું કીધો કજ્જ.
જગમેં પાપી છે ઘણાં, દ્રોહી પણ લખ હોય;
રે નિર્ગુણ નળ તું સમો, અવર ન દીઠો કોય.
સૂતી વિશ્વાસે સતી, પ્રિય ઉપર બહુ રાગ;
તે મૂકીને જાયતાં, કિમ વૂહા તુહ પાગ.
સ્વામીદ્રોહી ને ગુરુદ્રોહી, મિત્રદ્રોહી અતિ ધીઠ;
વળી વિશ્વાસે ઘાતકી તેહનું મોહ મ દીઠ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એણે વચને તે ગહિવર્યો, ભરિયો દુઃખ અપાર;
નિસાસા બહુ નાખતો, ગાઢો રડે સૂઆર.
રૂપ કર્યું ભીમી તણું, તે લેઈ ગળપાસ;
તબ કૂબડ નેહે ભર્યો ઊઠી વારે તાસ.
હે દેવી તું કા મરે, હું છું તાહરે પાસ;
નેહવિલૂધી નારીને, હિવ નહિ જાઉં નાસી.
ઈમ આપણપું પ્રગટિયું, નેહ ગહેલો સોય;
પ્રેમસુરામદ ધારિયો, પ્રાણી પરવશ હોય.

મેઘરાજની આ પંક્તિઓ સાથે ઋષિવર્ધનની નીચેની કેટલીક પંક્તિઓ સરખાવો :

નલ તોલઈ નર અવર ન કોઈ, છંડી સતી પ્રિયા જિણિ જોઈ;
સૂતી સતી એકલી રાંનિ, મુગધિ વીસસી સોવિન વાનિ.
અબલા મૂકી થતાં પાગ, કિમ ગૂહા તુજ નલ નિભાગ;
તિણિ વચનિ ગહિબરિઉ અપાર, મૂકી કંઠ રડઈ સૂઆર;
દેખી દવદંતી ગલ પાસ, ઊઠી કાપઈ વારઈ તાસ.
મ મરિ દેવી હું છઉ તુઝ પાસિ, આવિઉ હિવ જાઉ નહિ નાસિ;
ઈમ પ્રગટિઉ તવ નેણઈ આપ, જવ નહિ મનિ માંડિઉ વ્યાપ.

આ પ્રસંગની બીજી કેટલીક પંક્તિઓ સરખાવો :

ઋષિવર્ધન :

મદિરા પાંહિ દ્રોહ કર, નિખરૂ મોહ અપાર;
જિણિ ધારિઉ જાણઈ નહિ, જીવ વિવેક વિચાર.

મેઘરાજ :

મદિરા પાંહે દ્રોહ કર, નેહ નિખરો અપાર;
જેણે વાર્યો જાણે નહિ, જીવ વિવેક વિચાર.

ઋષિવર્ધન :

હૂં નલના ઘરતુ સૂયાર, તિણિ મઝ મનિ છઈ નેહ અપાર;
સામિ ભગત તે સેવક સહી, ઈમ જંપઈ હુંડિક ગહિગહિ.

મેઘરાજ :

હું નળના ઘરનો સૂઆર, તેણે ઉપજે મુજ દુઃખ અપાર;
સામિભગત જે સેવક હોય, સામી દુઃખ દેખીને રોય.

ઋષિવર્ધન :

કુશલુ કુશલઈ પાછઉ વલિઉ, આવી ભીમ રાજાનઈ મિલિઉં
બડૂઉ બોલઈ સુણિ ભૂપાલ, તે છઈ કુબજ રૂપ વિકરાલ.

મેઘરાજ :

તવ હિવ કુશલો પાછો વળ્યો, જઈ કુંડિનપુર ભીમરથ મળ્યો;
કુશલો કહે સુણો ભૂપાળ, કૂબડો રૂપે અતિ વિકરાળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષિવર્ધન :

કૂબડ કાજલ સામલ દેહ, અતિ કરૂપ કિંહિં હુંડિક એહ;
હુંડિક ઉપરિ નલની ભ્રંતિ, ફોકઈ હૂઈ છઈ મનિ દવદંતી.

મેઘરાજ :

કિહાં હુંડિક એ કૂબડો, કાજળ વરણ કુરૂપી રે,
હુંડિક ઉપરે ભીમીની નળની ફોકટ ભ્રાંતિ રે.

જૈન પરંપરાની નલકથા પ્રમાણે, દવદંતીને પૂછીને ભીમરાજા એના બીજા બનાવટી સ્વયંવરનો વિચાર કરે છે. પરંતુ ઋષિવર્ધને એવું આલેખન કર્યું છે કે દવદંતીના બીજા સ્વયંવરનો વિચાર પોતાનો મંત્રી ભીમરાજાને કહે છે. મંત્રી તરફથી આવું સૂચન થાય છે એ કલ્પના ઋષિવર્ધનની પોતાની છે. ઋષિવર્ધન લખે છે :

આહાં અણાવું જિમ કિમ તેય, તું મંત્રી રાનઈ દિં ભેય;
ભીમી સયંવર કૂડઈ અન્ન, કહી હકારૂ રા દધિપુન્ન.

રા સાથિ તેહ આવિસિં, સ્વયંવર નામિં જઈ નલ હુસિઈ
નારિ રેસ પસુઈ નવિ સહઈ, નવ જીવતુ તિહાં કિમ રહઈ.

ઋષિવર્ધનને અનુસરીને વાચક મેઘરાજે પોતાના રાસમાં આ પ્રમાણે આલેખન કર્યું છે :

જિમ તિમ કરી અણાવો ઈહાં, હું જાણું છું નળ છે તિહાં;
નવ રાજા પૂછયું પરધાન, મંત્રી મતિસાગર જે નામ.

તવ મંત્રી બોલ્યો નૃપ સુણો, સ્વયંવર માંડો ભીમી તણો,
કૂડો એ માંડો પરપંચ, તેડો દધિપન સબળે સંચ.

દધિપન્ન સાથે નળ આવશે, જો નળ તિહાં જીવતો હુશે,
સ્વયંવર નામે તે કેમ રહે, નિજ નારી જાતી કીમ સહે ?

નારી રોસ પશુ નવિ ખમે, રોસે ભરિયા આતમ દમે,
એક વસ્તુના અરથી દોય, વયર સુણો એ કારણ હોય.

અહીં મેઘરાજે ભીમ રાજાના મંત્રીનું 'મતિસાગર' એવું નામ પોતાની કલ્પનાથી આપ્યું છે.

જૈન પરંપરાની નલકથા પ્રમાણે, દધિપર્ણ રાજા અને કૂબડો જ્યારે ભીમ રાજાને ત્યાં આવે છે ત્યારે કૂબડાને સૂર્યપાક રસોઈ બનાવવાનું કહેવામાં આવે છે અને કંઈ પણ આનાકાની વગર તે બનાવે છે. પરંતુ કવિ ઋષિવર્ધને એવું આલેખન કર્યું છે કે કૂબડાને જ્યારે સૂર્યપાક રસોઈ બનાવવાનું કહેવામાં આવે છે ત્યારે તે ભીમ રાજાને એમ કહે છે કે 'તમે પહેલાં સ્વયંવર કરો, પછી હું રસોઈ કરીશ.' જુઓ :

એ હુંડિક અમ્હ ઘરિ સૂઆર, તિણિ આણિયા અમ્હે તુરિત અપાર;
ભીમ કહઈ હુંડક નઈ ભાણુ, પાક રસોવઈ કરુ સુજાણ.

તે બોલઈ અમ્હે આવિયા રલી, ભીમી સયંવર જોવા વલી,
પહિલૂં સયંવર ઉચ્છવ કરુ, પછઈ રસવતી આદર ધરુ.

ઋષિવર્ધનને અનુસરીને વાચક મેઘરાજે પણ પોતાના રાસમાં એ પ્રમાણે નિરૂપણ કર્યું છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દધિપન કહે અમ ઘર છે સૂઆર, સકળ કળા ગુણ રયણ ભંડાર,
તિણે આણ્યા અમે રાય તુરંત, ભીમી ભણે દધિપન સુણો સંત.
સૂરજપાક રસોઈ કરાવો, વંછિત કાજ સવે તુમ પાવો.
કહે હુંડક દોહિલા અમે આવ્યા, ભીમી સ્વયંવર જોવા આવ્યા.
પહેલો સ્વયંવર ઉત્સવ કીજે, રસવતિ સ્વાદ પછે નૃપ લીજે.

એ જ પ્રસંગના આલેખનમાં તે પછી ઋષિવર્ધને પોતાની કલ્પનાથી હુંડિક પાસે ભીમ રાજાને એમ કહેવડાવ્યું છે, "નળ થવામાં મારું શું જાય છે? જો તમને એમ લાગતું હોય તો લ્યો, આ હું નળ થયો. લાવો મને દવદંતી આપો." આવા શબ્દો જૈન પરંપરાની નલકથામાં નથી. ઋષિવર્ધને હુંડિકના મુખમાં એ શબ્દો મૂકયા છે. જુઓ :

મઝનઇ નલ થાવા તણી, રાહડિ જઉ તમ્હ ચિત્તિ,
તુ હૂં નલરા આ હૂઉ, મઝનઈ દિઉ દવદંતિ.

ઋષિવર્ધનને અનુસરીને વાચક મેઘરાજે (અને મહીરાજે પણ) નળના મુખમાં એવા શબ્દો મૂકયા છે :

નળ થાતાં માહરું શું જાય, જો તુમરો મન એમ સોહાય,
તો હું નળ થયો છું આજ, દ્યો ભીમી સારો નૃપ કાજ.

આ પ્રસંગના આલેખનમાં ઋષિવર્ધનની અને મેઘરાજની બીજી થોડીક પંક્તિઓ સરખાવો :

ઋષિવર્ધન :

યૌવન ભરિ પ્રીઉ તણુ વિયોગ, દુસ્સહ સંનિપાત સંયોગ,
તિણિ વિહ્વલ દવદંતી હુઈ, તાસ વચનિ તમ્હ મતિ કાં ગઈ.
વિદ્યા કલા તણાં અહિનાણ, તે પણિ સઘલા અપ્રમાણ,
એક એકમાં અધિકાં અછઈ, કલા જાણ જગિ ગુણવંત પછઈ.

મેઘરાજ :

યૌવન ભર પ્રિયતણો વિયોગ, વિરહાનળ પીડે મહારોગ,
ભીમી મદ વિહ્વળ મતિ માઠી, તસુ વચને તુમ મતિ કાં નાઠી ?
કલા સુલક્ષણ વિદ્યા માહરી, સૂરજપાક રસોઈ સારી,
દેખી કાં મન ભૂલા તેરા, જગમેં કળાવંત બહુતેરા.

ઋષિવર્ધન :

ઈણિં વચનિ સહૂ ઢીલઉં હૂઉ, ઊઠી જાવા લગ જૂજૂઉ,
ભીમ સુતા તવ મૂંકી લજ્જ, જંપઈ તાત નિસુણિ નિરવજ્જ.

મેઘરાજ :

ઈણે વચને સહુ ઊઠી જાય, ભીમીનું મન વ્યાકુળ થાય,
ભીમરથ નૃપ આગળ દિલ ખોલે, લાજ મૂકીને ભીમી બોલે.

હુંડિક નળ તરીકે પ્રગટ થતો નથી એ વખતે દવદંતી એને એકાંતમાં ઉપાલંભ આપે છે. એ પ્રસંગે ઋષિવર્ધને દવદંતીના મુખમાં મૂકેલી કેટલીક પંક્તિઓ સાથે સરખાવતાં જરૂર લાગશે કે મેઘરાજનું પોતાના પુરોગામી કવિ ઋષિવર્ધન પ્રત્યેનું ઋણ ઘણું મોટું છે. ઋષિવર્ધન લખે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભીમાદિક બાહિર મોકલી, કરિ ઝાલી હુંડિક એકેલી,
સા બાલા બોલઈ સુણિ વાત, કહૂં કેતલા તુઝ અવદાત.

× × ×

કીડી ઉપરિ સી કટકઈ, કીહાં દયા તમ્હ કેરી ગઈ,
મયા કરૂ મઝ ઉપરિ ધણી, પગિ લાગૂં કિંકરિ તમ્હ તણી.

મેઘરાજ :

મોકલિયાં બાહેર માય તાય, હુંડક કર તવ ભીમી સાહ્ય;
વળવળતી ભીમી ઇમિ ભાખેં, પ્રાણનાથ છેહ ઇમિ કાં દાખે.

× × ×

કીડી ઉપર કટકી કહેવી ? અબળા ઉપર મહેર કરેવી;
હું કિંકર છું રાજન તેરી, પિઉડા ચિંત કરો અબ મેરી.

રાસના છેલ્લા, કનકવતી અને વસુદેવના પ્રસંગનું નિરૂપણ પણ મેઘરાજે ઋષિવર્ધનના રાસને અનુસરીને કર્યું હોય એવું સ્પષ્ટ લાગે છે. સરખાવો બંનેની થોડીક પંક્તિઓ :

ઋષિવર્ધન :

દેવી ચ્યવી હુઈ પેઢાલહ, પુરપતિ હરિચંદ ભૂમિપાલહ,
બેટી કનકવતી કૂંઅરિ;
રાઈ તસ સંવર મંડાવિઉ, ધનદ લોકપતિ પણિ તિહાં આવિઉ,
પરિવરિઉ અમરી અમરિ.
તિહિં પરણી વસુદેવ મનોહરિ, યાદવિ ભોગવિઉં સુખ સુરવરિ,
બારવઈ નગરી જઈઅ.

મેઘરાજ :

તે દેવી તિહાંથી ચવી, પુર પેઢાલ નિવાસ;
હરિચંદ રાજા રાજીઓ, પૂરે પ્રજાની આશ.
તે નૃપ ઘર બેટી હુઈ, કનકવતી તસ નામ;
અન્યદા તિણ રાયે રચ્યો, સ્વયંવર અતિ અભિરામ.
ધનદ લોકપતિ આવીઓ, ધરતો પ્રીતિ અપાર;
કનકવતીને પરણિયો, યદુ વસુદેવ કુમાર,
બારવતી નગરી જઈ, વિલસે સુખ્ખ અશેષ.

આમ, આરંભથી તે અંત સુધી, એક નળ અને કૂબરના અંતિમ યુદ્ધના પ્રસંગ સિવાય, દરેક પ્રસંગનું આલેખન કવિ મેઘરાજે, કવિ ઋષિવર્ધનને અનુસરીને જ કર્યું છે. મેઘરાજે ઋષિવર્ધનના રાસમાંથી કેટલીક પંક્તિઓ અથવા પંક્તિખંડો સીધેસીધાં લઈ લીધાં છે, કેટલીક પંક્તિઓ થોડાક શાબ્દિક ફેરફાર સાથે લીધી છે, અને કેટલીક વાર મેઘરાજે ઘણુંખરું પોતાના જ શબ્દોમાં, પણ ઋષિવર્ધનની પંક્તિઓ લક્ષમાં રાખીને જ પોતાની પંક્તિઓ લખી હોય એમ જણાય છે. જ્યાં જ્યાં ઋષિવર્ધનને કંઈક નવું ઉમેર્યું કે કંઈક છોડી દીધું છે ત્યાં ત્યાં એને અનુસરીને વાચક મેઘરાજે પણ તેમ કર્યું છે. આમ, રાસના આરંભથી તે અંત સુધી મેઘરાજે આ પ્રમાણે કર્યું છે, તો પછી એક યુદ્ધનો પ્રસંગ કવિએ પોતાની કલ્પના વડે કેમ ઉમેર્યો હશે એવો પ્રશ્ન આપણને થશે. એની ચર્ચા આગળ આપણે કરી છે. પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષિવર્ધનની પંક્તિઓ સાથે સરખાવતાં એક તર્ક કરી શકાય એમ છે. આ પ્રસંગનું નિરૂપણ કરતાં ઋષિવર્ધનને લખ્યું છે:

તિહાં માસ એક રહી સયલ રાય, સેના સિઉં કોસલિં નયરિં જાઈ;
નલ આવિઉ રજ્જ સિરિ નિમિત્ત, કૂબર ભયિ કંપી કૂડ ચિત્ત.
જૂઈ જીવીય લીધૂં સયલ રજ્જ, કૂબરનઈ દીધૂં યૌવરજ્જ.

અહીં વર્ણવ્યા પ્રમાણે નળ સેના સાથે કોશલા નગરી જાય છે અને ત્યાં 'જૂઈ' (દ્યૂત)માં રાજ્ય જીતી લીધું એમ કવિએ વર્ણવ્યું છે. અહીં 'જૂઈ'ને બદલે 'ઝૂઝઇ' અથવા 'ઝૂઝી' શબ્દ મૂકવાથી 'નળ સેના સાથે આવ્યો અને યુદ્ધમાં એણે રાજ્ય જીતી લીધું' એવો અર્થ થાય. તો પછી 'જૂઈ'ને બદલે 'ઝૂઝિ' સમજવાને લીધે તો મેઘરાજે યુદ્ધનું વર્ણન નહિ કર્યું હોય, એવો તર્ક કરવાનું મન થાય છે. અલબત્ત, આ તો માત્ર એક તર્ક જ છે અને તેમ કરવાનું કારણ મેઘરાજે પોતાના રાસના કથાવસ્તુ માટે ઋષિવર્ધનના રાસ પર સંપૂર્ણ આધાર રાખ્યો છે અને આ પ્રસંગના આલેખનમાં ઋષિવર્ધનને, બીજા કવિઓની જેમ દ્યૂતનું વિગતે વર્ણન ન કરતાં, તેનો માત્ર થોડા શબ્દમાં નિર્દેશ કર્યો છે એ છે. વળી, આગળની પંક્તિમાં એમણે 'સેના'નો ઉલ્લેખ કર્યો છે. એટલે ચાવી રૂપ 'જૂઈ' શબ્દના અર્થમાં સમજફેર થતાં આખો પ્રસંગ બદલાઈ જાય છે. આવી સમજફેર જો કદાચ થઈ હોય તો તેમ થવામાં કોઈ હસ્તપ્રતે પણ ભાગ ભજવ્યો હોય એમ પણ બની શકે. અલબત્ત, આ તો માત્ર એક તર્ક જ છે. સંભવ છે કે મેઘરાજે આવી કોઈ સમજફેરથી નહિ પણ પોતાની કલ્પનાથી આ પ્રસંગનું આલેખન કર્યું હોય.

ઋષિવર્ધનના રાસ પર કથાવસ્તુ માટે આધાર રાખ્યો હોવા છતાં સ્થળે સ્થળે મેઘરાજે વિચાર, વર્ણન, અલંકાર, બોધ, ઇત્યાદિમાં પોતાની કલ્પના સારી રીતે ચલાવી છે અને એમાં આપણને સ્થળે સ્થળે કવિની મૌલિક સર્જનશક્તિનું દર્શન થાય છે. એટલે ઋષિવર્ધનને અનુસરવાને લીધે કવિ મેઘરાજમાં સર્જનશક્તિ કે કલ્પનાશક્તિ જ નથી એમ નહિ કહી શકાય. આ રાસમાં વર્ષાઋતુનું વર્ણન, દવદંતીનું સ્વરૂપવર્ણન, વનમાં દવદંતીને માથે પડેલા દુ:ખનું વર્ણન, ભીમરાજના દૂત કુશલાએ ભજવેલા નાટકનું વર્ણન, કૂબર અને નળના યુદ્ધનું વર્ણન ઇત્યાદિ વર્ણનોમાં કવિની મૌલિક નિરૂપણશક્તિનો આપણને સારો પરિચય મળી રહે છે.

આ રાસમાં રહેલી કવિની એવી જ બીજી એક મૌલિક શક્તિ તે વિચારદર્શનની છે. જૈન રાસાઓ સામાન્ય રીતે દૂહા, ચોપાઈ અને જુદી જુદી દેશીઓની ઢાલોમાં લખાયા છે. આ રાસ પણ એ રીતે જ લખાયો છે. એમાં આ રાસની એક નોંધપાત્ર વિશિષ્ટતા એ છે કે ઘણાખરા રાસ કવિઓ જ્યારે દૂહાની પંક્તિઓમાં માત્ર કથાપ્રસંગ વર્ણવે છે ત્યારે મેઘરાજ ઘણુંખરું એમાં સદ્દષ્ટાન્ત સુભાષિત કે મુક્તક જેવી રચનાઓ આપે છે. આ દૂહાઓ કથામાં બરાબર બંધબેસતા મુકાયા છે, પરંતુ તે જુદા તારવીને સ્વતંત્ર રીતે વાંચી શકાય એવા પણ છે. અને આવા કેટલાક બોધદાયક દૂહાઓ સુભાષિત તરીકે પણ ઉપયોગમાં લઈ શકાય એવા છે. કવિની ભાષા સરળ છે અને વ્યવહારુ જ્ઞાન અને ઉપદેશ આપવાની એમાં રહેલી કવિની વૃત્તિ જોઈ શકાય એમ છે. એકંદરે દરેક ખંડમાં છૂટાછવાયા લખાયેલા આવા સુભાષિતાત્મક દૂહાઓ તથા ચોપાઈ અને ઢાલોમાં લખાયેલી એવી ઉપદેશાત્મક પંક્તિઓ ખૂબ રોચક અને રાસ માટે ઉપકારક બન્યાં છે. કેટલાક દૂહાઓમાં, અલબત્ત, કથાપ્રસંગો પણ વર્ણવાયા છે. પરંતુ આ રાસ વાંચતાં એકંદરે એવી છાપ પડે છે કે આવી ઉપદેશાત્મક પંક્તિઓ દ્વારા પોતાના વિચારો દર્શાવવાની કવિએ એક પણ તક જતી કરી નથી. જોકે એમ કરવામાં કેટલીકવાર પ્રમાણભાન બરાબર જળવાયું નથી. કોઈક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થળે પ્રસંગ માત્ર બે જ પંક્તિમાં વર્ણવાયો હોય છે અને એને અનુલક્ષીને લખાયેલી આવી ઉપદેશાત્મક કડીઓ આઠદસ કરતાંયે વધારે હોય છે. આથી જ લગભગ સાડા છસો કડીના આ રાસમાં આવી કડીઓની સંખ્યા સવાબસો કરતાંયે વધારે છે. આવી કડીઓમાં કવિની શૈલી અને દૃષ્ટિ કેવી છે તે ઉદાહરણ તરીકે નીચેની થોડીક કડીઓ જોવાથી જણાશે :

નિષધરાજા નળને સારી રીતે ઉછેરી કલાવિદ્યામાં નિપુણ કરે છે એ પ્રસંગે કવિ બાળકને ઉછેરવા વિશે લખે છે :

બાળપણાથી લાલિયો, શીખવિયો નહુ જાત;
રાગી તે મત જાણજો, વૈરી ગણજો તાત.
હંસમાંહિ જિમ બાપડું, બગ પામે અપમાન.
તિમ પંડિત માંહિ મિળ્યાં, મૂરખ ન લહે માન.
સેં દેશે બહુ માનિયે, પરદેશે પૂજાય.
પંડિત જિહાં જિહાં સંચરે, તિહાં રાને વેલાઉલ થાય.
લાલે પાંચ વરસ લગે, તાડે જાં દશ માંન,
સોળ વર્ષનો સુત થયો, તવ તે મિત્ર સમાન.
બાળપણે ન કળા ભણી, ન કર્યો ધન ઉપાય;
પાછે ચારે કેરડાં, કેઈ પેરે ધોવે પાય.

કવિ મેઘરાજની આ પંક્તિઓ કવિ મહીરાજની આવી પંક્તિઓની આપણને યાદ અપાવે છે :*

પાંચ વરસ લગઈ લાલીઈ, ભણાવીઈ પછઈ તેહ;
દસ વરસ લગઈ આદર કરુ, નીંપજઈ સુત ભલુ તેહ
સોળ વરસ હુઆ પછી, મિત્ર તણી પરિ જાણિ;
રીસ ન કરવી તેહનઈ, એહવી છઈ શાસ્ત્રવાણિ.
પંડિતનઇ સહૂ કો માનઈ, પામઈ અતિહિ મહત્ત્વ;
ઠામિ ઠામિ શોભા હુઈ, મોટઉં જ્ઞાન તત્ત્વ.
જ્ઞાનવંતની સભામાંહિ, મૂરષ આવી બઇસેઈ;
રાજહંસમાં બગ જિમ, સહૂ કો તેહનઈ હસેઈ.

દવદંતીના સ્વયંવરનું નિરૂપણ કરતાં, દીકરીને કેવો વર પરણાવવો જોઈએ અને એ માટે મોટાંઓની કેવી સલાહ લેવી જોઈએ તે વિશે સમજાવતાં કવિ મેઘરાજ કહે છે :

જો પુણ મનમાં ઊપજે, ભલિ ભલેરી બુદ્ધિ;
તો પણ ડાહા પૂછિયે, જિમ હોય કારજ સિદ્ધિ.
લહુડ વડાં પૂછે નહિ, ન ગણે સયણ સનેહ;
આપણ છંદે ચાલતાં, ખરો વિગૂયે તેહ.
મૂરખ, નિરધન, વેગળો, શૂરો અતિહિ સરોસ,
કન્યા વરસ ત્રિગુણા હોયે, તે વર ગણે સદોષ.

* જુઓ મહીરાજકૃત 'નલદવદંતી રાસ' પૃ૦ ૧૪; કડી ૧૨૯–૧૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધણી અનુકૂળ શીલસ્યું, વિદ્યા વય ધન દેહ,
ગુણ સાતે જોઈ કરી, વર લીજે નિસંદેહ.
એવો વર જોઈ કરી, માત પિતા દિયે ધૂય,
પાછે ધોરણ કર્મનું, ઈમ જંપે જગ સહુય.
જો સુખણી થઈ એટડી, તો કહે કર્મ પ્રમાણ,
ઊણી તો માવિત્રને, ગાળ દિયે નિર્વાણ.

સ્વયંવરમાં આવેલા રાજા કૃષ્ણરાજનું અભિમાન નળ ઉતારે છે એ પ્રસંગે કવિ લખે છે :

પર સંપત્તિ જિકો સહે, પરગુણ બોલે મીઠ,
વિણ સ્વારથે ઉપગારીઆ, તે મેં વિરલા દીઠ.
થોડે પણ નિજ મહાજને, મનમાં વહે ગુમાન,
ટીટોડીના પાઉ જિમ, ફોકટિયું અભિમાન.
બળ અવિચારી આપણું, માંડે અધિક પરાણ,
મોટા સાથે માંડતા, નિશ્ચે મૂકે પ્રાણ.
રાજા દુર્જન દરસણી, ધારાળુ મર્મ જાણ,
વૈદ્ય, ધની, અહિ યાચકો, મત કોપવસ્યો જાણ.
નિબળ થિકું મંડે જિકે, અતિ મોટાશું આળ,
ગર્દભ સિંહ શિયાળ જિમ, પામે મરણ અકાળ.

નિષધ રાજા પોતાની ગાદી નળને સોંપી સંયમ લેવાની ઇચ્છા કરે તે પ્રસંગે તેઓ જે વિચારે છે તે વિશે કવિ લખે છે :

છતે સંયોગે ધર્મને, આળસ કરે ગમાર,
કાણી કોડી કારણે, હારે સહસ દિનાર.
વ્યાધિ ન પીડે જ્યાં લગે, જરા ન આવે અંગ,
ઈન્દ્રીશક્તિ ફુરંતડાં, કરવો ધર્મ સુચંગ.
લાલચી લોભ ને લીલરી, લાલ વિશેષે થાય,
ગરઢપણે આવેષડે, લક્ષણ દૂર પલાય.
વચન ન માને છોકરાં નારી ન ધરે પ્રેમ,
ખૂણે નાખી મેહલિયે, જો નહિ ગાંઠે હેમ.
તપ, સંયમ, દાને કરી, વિદ્યા વિનય વિચાર,
પ્રગટો ન થયો જેહ તે, શું આવ્યો સંસાર ?

કદંબ રાજા નળની આજ્ઞા માનતો નથી તે પ્રસંગે કવિ લખે છે :

તેજ હોય તો સહુ નમે, એહવો જગત સુભાવ,
પાવક ઉપર કર ધરે, ભસમી ઉપર પાય.
તેજે કરી સહુએ બિહે, નામે ન બિહે કોય,
સિંહ સર્પ ભીંતે લખ્યા, હાથ વાહીને જોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નળનો ભાઈ કૂબર નળને દ્યૂતમાં હરાવે છે અને દવદંતીને પણ જીતી લે છે એ વખતે જ્યારે તે દવદંતીને પોતાના અંત:પુરમાં રહેવા કહે છે ત્યારે મંત્રીઓ એને સમજાવે છે :

છાંડે પોતાની પ્રિયા, નીચ રસે પરદાર,
સરોવર મૂકી સિર થકો, બોટે કાગ ગમાર.
નિરવાહક છે આપણો, પર નહીં આવે કાળ,
કાજળ ઊઠી જાયસ્યે, લોચન રહેશે ઠામ.
રાન, સરોવર, રાજઘર, પરદારાનો સંગ,
વસિભ વેગે પરિહરે, રહી ન કીજે રંગ.

દ્યૂત રમતાં રાજ્ય ધર્યા પછી નળ–દવદંતી વનમાં ગયાં છે. એ વખતે દવદંતી પોતાના પિતા ભીમ રાજાને ત્યાં જઈને રહેવા માટે નળને કહે છે. પરંતુ નળનું મન માનતું નથી. દવદંતી સૂતી છે તે વખતે નળ વિચાર કરે છે :

જેહ જમાઈ સાસરે, માંડે ચિર વિશ્રામ,
નામ ગમાડે બાપનું, તિમ પોતાની મામ.
જો થોડો તિહાં વાહલો, પ્રાહુણડો રંગરેલ,
ઘણું રહેતાં પ્રીસિયે, ઘીને ઠામે તેલ,
નિજ થાનક નર પૂજીએ, પરઘર નહુ પોસાય.
સૂરજને ઘર આવીઓ, શશિહર ઝાંખો થાય.

વનમાં અગ્નિમાંથી બચાવેલો સાપ કરડવાથી નળનો દેહ કદરૂપો બની જાય છે. એ વખતે નળ એ સાપને દુર્જન ધારીને બોલે છે :

વેશ, કુનારી, ચોરટો, રાજા નીર અગ્રાહ,
જોગી પાવક પાળીઓ, દુર્જન છેહ દે દાહ.
દુર્જનનો વિશ્વાસડો, કરતાં હોયે હાણ,
વાયસ જો ઘર રાખિયો ઘુઅડ બલ્યા નિરવાણ.
દુર્જન જતને પાળિયો, એ તું મ કરે ધાંખ,
હંસે રાખ્યો બૂડતાં ઉંદરે કરડી પાંખ.
મિત્ર અને કુમિત્રનો રખે કરે વિશ્વાસ,
બાળે બેહુ કોપ્યા થકી, જિમ દવ બાળે ઘાસ.
દુર્જન તે દુર્જન સહી, સીંચી જે અમિયેણ,
અંબ ન હોયે લિંબડો, જાતિ તણે ગુણેણ.

નળ કૂબડો બની દધિપર્ણ રાજાને ત્યાં આવે છે એ વખતે તે પોતાનો પરિચય નળના સેવક તરીકે આપે છે. એ પ્રસંગે કવિ લખે છે :

સેવક કામે જાણવો, બંધવ કષ્ટે જાણ,
ભાર્યા પણ નિરધનપણે, પરખીજે નિર્વાણ.
સાહેલામાં સહુયે મળે, દોહિલે ન મળે કોય,
વૃક્ષ ફળ્યાં દેખી કરી, પંખ આવ્યાં જોય.

× × ×

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુગામ વાસ, કુભારજા, સામિ નહિ સુવિવેક,
પરવશ રોગે પીડિયો, મરણથકી અતિરેક.
વૈરીને માને પ્રભુ, જે જાણે ગુણવંત,
પોતાનું પણ પરિહરે, નિરગુણ જાણી સંત.
ભૂંડો પણ પ્રભુ સેવિયે, ભલી સભા જે હોય,
ભલો પણ ભૂંડી સભા, તો છાંડે નર જોય.

હુંડિક કદરૂપો છે છતાં તેનામાં જે ગુણ રહ્યા છે તે જોઈ દધિપર્ણ રાજા વિચારે છે :

રૂપ, કુરૂપ કશું કરે, માનીજે ગુણ જોય,
આઉલિ કેરાં ફૂલડાં, શિરે ન ચાઢે કોય.
આડંબરે નહું પૂજિયે, ગુણે કરી પૂજાય,
દૂધે વિના અલંકરી, નવિ વેચાય ગાય.
કસ્તુરી કાળી હોયે, શિરે વહે નરરાય,
રૂપ કુરૂપેં શું હુએ, ગુણ સઘળે પૂજાય.

બાર વર્ષના વિયોગ પછી ભીમ રાજાને ત્યાં દવદંતી અને નળ પાછાં મળે છે એ પ્રસંગે કવિ લખે છે :

ઉત્તમ સાથે પ્રીતડી, પહેલી થોડી જોય,
નદી તણે પટંતરે, છેહડે વધતી હોય.
નીચ સરીસી પ્રીતડી, પહેલી અધિકી થાય,
રાસભના ભુંકાર જિમ, છેહડે ત્રૂટી જાય.

કવિ મેઘરાજને આવી બોધક કડીઓમાં પ્રસંગોચિત પ્રાચીન કથાપાત્રો કે ઘટનાઓનાં દૃષ્ટાન્ત આપવાનો—અર્થાન્તરન્યાસ અલંકાર પ્રયોજવાનો પણ શોખ જણાય છે. જુઓ :

જુઆરી ચોરી કરેજી, કોઈ ન ગણે લાજ,
પરઘરણી ધન હારવેજી, પાંડવ ગમીઉં રાજ.

× × ×

માંસ જીવનો પિંડ છેજી, નરગ તણો ઉપાય,
બગ રાક્ષસ નરગે ગયોજી, માંસ તણે સુપસાય.

× × ×

પરદારા દુખદાયનીજી, અપજસનો ભંડાર,
જાત ગમાડે દ્રવ્યનુંજી, રાવણ ચરિત સંભાર.

× × ×

ચોરી દુખનું મૂળ છેજી, નરગતણી એ દૂતી,
વધ બંધાદિ બહુ પરેજી, મરણ લહે શિવભૂતિ.
ઘેવર ક્ષપક તપસ્વી થયો, ક્રોધ પ્રભાવે નરકે ગયો,
ચારિત્ર્ય પાળ્યાનો એ સાર, ઉપશમ કીજે સુખદાતાર.

× × ×

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પવનંજય નૃપગેહિની, હનુમંતની જે માય,
સતી શિરોમણી અંજના, દુખણી વનમાં થાય.

× × ×

જીવતાં પામે જગેં, સુખ સઘળાં સંસાર,
યથા ભાનુ મંત્રીસરે, પામી સરસતી નાર.

આમ, આ રાસમાં કવિએ સ્થળે સ્થળે સરળ ભાષામાં, સદૃષ્ટાન્ત, સાલંકાર આવા દૂહાઓ મૂક્યા છે. એમ કરવાથી અલબત્ત, રાસ વધુ રસિક બન્યો છે અને રાસના સ્વરૂપની એક વિશિષ્ટ છાપ આપણા મન ઉપર પડે છે. તેમ છતાં, અગાઉ બતાવ્યું તેમ, કેટલીક વાર આવા દૂહાઓમાં પ્રમાણભાન જળવાયું નથી. કેટલીક વાર એક વિચારમાંથી બીજા વિચારમાં વિષયાંતર પણ થતું ગયું છે. અને વિયોગ પછી નળ–દવદંતીના મિલનપ્રસંગે સ્ત્રી વિશે કવિએ નીચેની જે પંક્તિઓ લખી છે તેમાં ઔચિત્યભંગ પણ થતો હોય એમ જણાય છે :

નારી વયણે કોણુ ન ચૂકે, સુભટ શિરોમણી ધીરજ મૂકે,
સ્ત્રી ફરસે વિહસે તરૂ ધાત, તો માણસની કેણી વાત.
શસ્ત્ર શાસ્ત્ર પૂરા જિકે, કેહને ન નામે શીશ,
તે પણ નારી બોલડે, ચૂકે વિસવાવીસ.
માતપિતાને વંચિયે, સગાં સણેજાં ભાય,
નારી નેહે વશ કર્યા, માહા તે ગહિલા થાય.
તાં લગે મતિ બુધિ સાંભરે, જાં લગે શાસ્ત્ર વિચાર.
નારી સાથે ગોઠડી, જા નહુ કરે અપાર.

આમ, વસ્તુ, પાત્રાલેખન, પ્રકૃતિવર્ણન ઇત્યાદિની દૃષ્ટિએ એકંદરે જોતાં નયસુંદર, સમયસુંદર કે મહીરાજના નલદવદંતી વિશેના રાસની કક્ષા સુધી આ રાસ પહોંચી શકે એવો નથી, અને ઋષિવર્ધનના રાસ પ્રત્યેનું એનું ઋણ ઘણું મોટું છે. તેમ છતાં કવિએ બતાવેલી પોતાની મૌલિક શક્તિની દૃષ્ટિએ જોતાં આપણા મધ્યકાલીન રાસસાહિત્યમાં આ રાસ નોંધપાત્ર સ્થાન ધરાવે છે એમ અવશ્ય કહી શકાશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org